નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 13 DECEMBER 2024 | FRIDAY | Page : 8 | Year : 2 | Issue : 215 | Price: 2/-



આજે મુખ્યમંત્રીના હસ્તે રાજકોટમાં ૭૮૩.૪૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુર્હુત

જુઓ પેજ નં.૫

# ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાનાં એંધાણ

## મોદી કેબિનેટે 'વન નેશન–વન ઈલેક્શન' બિલને મંજૂરી આપી; આવતા અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવશે





■ **પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે, પછી ૧૦૦ દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે**

નવી દિલ્હી, તા. ૧૨: 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. સૂત્રોએ દાવો કર્યો છે કે આ બિલ આવતા સપ્તાહે સંસદમાં રજૂ થઈ શકે છે. સરકાર આ બિલ પર સર્વસંમતિ બનાવવા માગે છે, તેથી આ બિલને સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને ચર્ચા માટે મોકલવામાં આવશે. જેપીસી આ બિલ પર તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરશે. જો આવું થયું તો ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાનાં એંધાણ છે.

અગાઉ સપ્ટેમ્બરમાં કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે 'પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે. આ પછી ૧૦૦ દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે.'

કમિટીના રિપોર્ટ અનુસાર, 'વન નેશન-વન ઈલેક્શન' લાગુ કરવા માટે અનેક રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ઘટાડવામાં આવશે.

જે રાજ્યોમાં ૨૦૨૩ના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ગઈ છે, તેમનો કાર્યકાળ લંબાવી શકાય છે.

જો તમામ પક્ષો લો કમિશનની દરખાસ્ત સાથે સહમત થશે તો એને ૨૦૨૯થી જ લાગુ કરવામાં આવશે. આ માટે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ૨૫ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજવી પડશે.

### પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રિપોર્ટ સોંપ્યો

'વન નેશન-વન ઈલેક્શન' પર વિચાર કરવા માટે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ એક પેનલની રચના કરવામાં આવી હતી. આ પેનલે હિતધારકો-નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ અને ૧૯૧ દિવસના સંશોધન બાદ ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

# છત્તીસગઢઃ દંતેવાડામાં નક્સલીઓ-સુરક્ષા દળો વચ્ચે અથડામણ, સાત માઓવાદી ઠાર

છત્તીસગઢ, તા. ૧૨: છત્તીસગઢના દંતેવાડામાં ડીઆરજી, એસટીએફ, સીઆરપીએફની સંયુક્ત પાર્ટી સાથે નક્સલવાદીઓનું એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટરમાં સાત યુનિફોર્મધારી નક્સલવાદીઓ માર્યા ગયા હતા. સવારે ૩ વાગ્યાથી સંયુક્ત સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે.

ગુરુવારે સવારે દંતેવાડા જિલ્લાની સરહદ પર નક્સલવાદીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં બંને તરફથી હજુ પણ ગોળીબાર ચાલુ છે. એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં સાત યુનિફોર્મધારી નક્સલવાદીઓ માર્યા ગયા છે. નક્સલવાદીઓના ફાયરિંગનો પોલીસ જડબાતોડ જવાબ આપી રહી છે. મળતા અહેવાલો મુજબ, નક્સલ વિરોધી સર્ચ ઓપરેશનમાં નારાયણપુર, દંતેવાડા, જગદલપુર, કોંડાગાંવ જિલ્લાના ડીઆરજી સાથે એસટીએફ-સીઆરપીએફની સંયુક્ત પાર્ટી દક્ષિણ અબુઝમાદ વિસ્તારમાં ગઈ હતી. જ્યાં ગુરુવારે સવારે ૩ વાગ્યાથી સંયુક્ત સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. તે જ સમયે, પોલીસ કર્મચારીઓ નક્સલવાદીઓના ગોળીબારનો જડબાતોડ જવાબ આપી રહ્યા છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ કહ્યું, ''નારાયણપુરમાં નક્સલ વિરોધી ઓપરેશન ચાલી રહ્યું હતું, જેમાં અમારા સુરક્ષા દળોએ સાત નક્સલીઓને ઠાર કરવામાં સફળતા મેળવી છે. હું તેમની બહાદુરીને સલામ કરું છું.''

# અઝરબૈજાન બિશ્નોઇ ગેંગના સાગ્રીતને ભારત ડિપોર્ટ કરશે

બાકુઃ અઝરબૈજાન, જેનાં ભારત સાથેનાં રાજકીય સંબંધો સારાં છે, તે લૉરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યને ભારત મોકલી આપે તેવી શક્યતા છે. ઈન્ટરપોલની ચેતવણીનાં આધારે, બાકુએ તાજેતરમાં ભારતમાં વૉન્ટેડ ગેંગસ્ટરની ધરપકડ કરી હતી. લૉરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય મયંક સિંઘ, ઝારખંડ પોલીસ દ્વારા વૉન્ટેડ છે. તેનાં પ્રત્યાર્પણ માટેની વાતચીત ચાલું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રત્યાર્પણ પ્રક્રિયા બાદ સિંઘને ભારત મોકલી શકાય છે.તાજેતરમાં, અન્ય એક ભારતીય ગેંગસ્ટર સંજીવ કુમાર ઉર્ફે હર્ષની અઝરબૈજાનમાં અટકાયત કરવામાં આવી હતી અને તેને ભારત મોકલવામાં આવ્યો હતો. બાકુથી પરત ફર્યા બાદ પોલીસે તેની દિલ્હી એરપોર્ટ પર ધરપકડ કરી હતી. તેણે ફેબ્રુઆરીમાં દક્ષિણ પશ્ચિમ દિલ્હીમાં એક બ્યુટી પાર્લરમાં બે લોકોની ગોળી મારીને હત્યા કરી હતી. બાદમાં તે ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. તપાસમાં જાણવા મળ્યું કે કુમાર, પ્રદીપ કુમારના નામનાં નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને, જૂનમાં શારજાહ ગયો અને પછી ઓગસ્ટમાં અઝરબૈજાન ભાગી ગયો હતો.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# લોકતાંત્રિક દેશમાં શાસન હંમેશાં પક્ષપાતવિહોણુ હોવું જોઈએ



ભારતના બંધારણનું હાર્દ પણ તમામ દષ્ટિએ સમાનતા અને છેલ્લામાં છેલ્લા નાગરિકને કોઈપણ ભેદભાવ કે પક્ષપાત ચાલ્યા વગર લોકશાહીના ફળો પહોંચાડવાનું જ છે, તેવી જ રીતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ભારતની નીતિ આઝાદીકાળથી જ બિનજુથવાદી એટલે કે તટસ્થ (ન્યૂટ્રલ) રહી છે. લોકતાંત્રિક દેશોમાં ચૂંટણીઓ થાય છે અને લોકો બહુમતીથી સરકાર ચૂંટે છે. બહુમતી પૂરવાર કરવાના માપદંડો વિવિધ લોકતાંત્રિક દેશોમાં અલગ-અલગ છે, પરંતુ એક વખત સરકાર ચૂંટાય જાય, તે પછી સરકારની તમામ નીતિઓ અને અભિગમ પક્ષપાતથી પર એટલે કે ન્યુટ્રલ (તટસ્થ) હોવા જરૂરી છે. જો આવું ન થાય, તો તેને લોકતાંત્રિક વ્યવસ્થામાં ગંભીર ખામી ગણી શકાય, અને પક્ષપાતી વલણ ધરાવતી સરકારો લોકો પ્રત્યે દ્રોહ કરે છે,તેમ કહી શકાય. ટૂંકમાં મતો કોઈપણ ઉમેદવાર કે પક્ષને આપ્યા હોય તો પણ ચૂંટણી પછી શાસનમાં આવેલા લોકોએ નાગરિકો પ્રત્યેની ફરજો તદ્દન તટસ્થપણે બજાવવી જ જોઈએ. આપણાં દેશમાં આવું થાય છે કે નહીં, તે અંગે ઘણી વખત ચર્ચાઓ થતી રહે છે, અને ભિન્ન ભિન્ન મંતવ્યો વ્યક્ત થતા રહે છે. હકીકત શું છે, તે પણ ઓપન સિક્રેટ જ છે ને?

ભારતે આઝાદ થયા પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બિનજુથવાદી નીતિ જાળવી રાખી છે, અને વિશ્વના દેશોમાં યુદ્ધગ્રસ્ત દેશો પૈકી કોઈ એકને સમર્થન આપવાનું વલણ દર્શાવ્યું નથી. અત્યારે પણ યુક્રેન-રશિયા, ઈઝરાયેલ-પેલેસ્ટાઈન કે ઈરાન-અમેરિકાની ખુલ્લી કે એકતરફી તરફેણ ભારત કરી રહ્યું નથી, પરંતુ વાતચીતથી સમસ્યાઓનો ઉકેલ લાવવા તથા યુદ્ધવિરામ કરવાની વિચારધારાનું જ સમર્થન કરવામાં આવી રહ્યું છે, જેને બિનજુથવાદી વલણ તરીકે ઓળખવામાં આવે છે.

તટસ્થ નીતિના સૂચિતાર્થો ઘણાં જ વ્યાપક અને વિવિધલક્ષી છે. કોઈપણ લોકતાંત્રિક દેશમાં જ્યારે ધર્મ, જ્ઞાતિ, નીતિ, ભાષા, રંગ કે આર્થિક સ્થિતિને ધ્યાને રાખીને નકારાત્મક રીતે ભેદભાવ રખાય કે પક્ષપાતભર્યું વલણ દાખવવામાં આવે, તો તેને નબળી લોકતાંત્રિક વ્યવસ્થા જ ગણી શકાય. આ ઉપરાંત સામાજિક કે આર્થિક રીતે પછાત રહી ગયેલા કે દુર્ગમ વિસ્તારોમાં રહેતા વંચિતોની સ્થિતિ સુધારીને તેઓને સમૃદ્ધ કે અગ્રીમ લોકોની હરોળમાં લાવવા માટે કોઈ પ્રબન્ધો થાય, તો તેને ભેદભાવ કે પક્ષપાત નહીં, પણ સૌહાર્દ અથવા સૌજન્યતા ગણવી જોઈએ, તેવી વિભાાવના પણ સમાયેલી હોય છે.

યુદ્ધગ્રસ્ત દેશો સાથે સહભાગિતાથી દૂર રહેવાની નીતિના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે આ ઉજવણી થાય છે. સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના બીજા અનુચ્છેદમાં જ એવી વિભાવના રખાઈ છે કે તટસ્થ દેશો કોઈપણ યુદ્ધગ્રસ્ત દેશને યુદ્ધગ્રસ્ત નીતિની તરફેણ નહીં કરે, જો કે ચીન, અમેરિકા, રશિયા, ઉત્તર કોરિયા જેવા દેશો આ વિભાવનાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતા રહ્યા છે, તે પણ હકીકત જ છે ને?

આ કારણે જ આ દેશોની તરફેણ કરતા અને વિરોધ કરતા યુદ્ધગ્રસ્ત દેશોના જુથો રચાયા છે, જે નકારાત્મક છે, જ્યારે વિવિધ દેશોના જી-૭, સાર્ક, બ્રિક્સ, જી-૨૦ વગેરે પ્રકારના ચોક્કસ હેતુઓ તથા સમજુતિઓ સાથે રચાયેલા જુથોના હેતુઓ હકારાત્મક હોય છે.

# માલવીયાનગર પોલીસ સ્ટેશન વીસ્તારમા લોકોને વ્યાજખોરોના ત્રાસ થી બચાવા લોનમેળાનુ આયોજન કરાયું

## પોલીસ દ્વારા કરવામા આવતી કામગીરીથી લોકોને અવગત કરાયા ૯૦ થી વધારે લોકોએ લાભ લીધો





રાજકોટ, તા.૧૨ઃ મ્હે પોલીસ કમીશ્નર બ્રજેશ ઝા તથા જોઈન્ટ પોલીસ કમીશ્નર મહેંદ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમીશ્નર જગદીશ બાંગારવા તથા મદદનીશ પોલીસ કમીશ્નર બી.જે.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ માલવીયાનગર પોલીસ સ્ટેશન વીસ્તાર મા પ્રજાજનોને વ્યાજખોરોના ત્રાસ થી બચાવા માટે લોનમેળાનુ અયોજન તથા નાગરીક અને પ્રજ્ઞન વચ્ચે સમન્વય જળવાય રહે તે માટે લોકદરબારનુ આયોજન તા. ૧૧/૧૨/૨૦૨૪ ના માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. આ લોન મેળામા ૯૦ થી વધારે લોકો હાજર રહેલ અને લોન મેળાનો લાભ લીધેલ હતો.

જેમા કુલ ૯૦ લાભાર્થીઓને યોજનાકીય માહીતી આપેલ તેમજ ૦૭ લોકો ને પી.એમ સ્વનીધી લોન રૂ.૭૦,૦૦૦/-ની અલગ અલગ લોન મંજુર કરવા માટેની કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ ૨૦ થી વધુ લોકો ને સ્વ સહાય જુથ ની માહીતી આપેલ છે તેમજ ૨૫ લોકો ને સ્વ રોજગારી લોન ની માહીતી આપેલ છે ખાતેમાલવીયાનગર પોલીસ સ્ટેશન દ્વારા આયોજન કરવામા આવેલ.

નાગરીકોની સમસ્યાઓ ધ્યાનમાં રાખીને લોક દરબાર નુ આયોજન કરવા મા આવેલ. જેમા મુખ્ય શાક માર્કેટોમા પર્સ, મોબાઈલ ચોરીઓ થાય છે, ત્યા વધારે પોલીસ પેટ્રોલીંગ રાખવુ તથા સી.સી.ટી.વી કેમેરા મારફતે નજર રાખી પર્સ, મોબાઈલ ચોરી અટકાવવા બાબતે પોલીસ દ્વારા કરવામા આવતી કામગીરીની માહીતી નાગરીકોને આપવામા આવેલ.

# સમસ્ત મહાજન દ્વારા દિલ્હી ખાતે સંસ્કૃતિ રક્ષણ માટે રાષ્ટ્રીય ચિંતન બેઠકનું આયોજન

રાજકોટ,તા.૧૩ઃ પ્રકૃતિ, પર્યાવરણ અને પશુધનની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે દિલ્હીમાં ધર્મ, મૂલ્યો અને સંસ્કૃતિના રક્ષણ માટે આદરણીય ઋષિ-મુનિઓ, મહંતો, સમાજના પ્રતિનિધિઓ, ઉમદા લોકો અને પ્રાણીપ્રેમી સજ્જનો સાથે એક વિશેષ રાષ્ટ્રીય ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ સંસ્કૃતિ પ્રેમીઓને આ મહત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે. આ બેઠક ૧૮મી ડિસેમ્બર, અણુવ્રત ભવન, દિનદયાલ ઉપાધ્યાય માર્ગ, દિલ્હી ખાતે, સવારે ૧૦ કલાકે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહનાં માર્ગદર્શનમાં આયોજિત કરવામાં આવી છે. બેઠક પૂર્ણ થયા બાદ સૌ માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી માટે સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી તેમજ મહારાષ્ટ્ર સરકારના ગૌસેવા આયોગના સભ્ય પરેશ શાહ (મો. ૯૮૧૯૩ ૦૧૨૯૮), મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે.

# આયુર્વેદના ૨૭૦૦૦ ક્લિનિક-હોસ્પિટલોની નોંધણી કરાશે

- **ઘોડા ડોક્ટરો સામે ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિકનું અભિયાન**
- **તા. ૧૨ માર્ચ સુધી રજિસ્ટ્રેશન માટે અવધી અપાઈ : ૭૦૦૦ની નોંધણી**

રાજકોટ તા. ૧૨ઃ રાજ્યમાં છાશવારે થોડા ડોક્ટરો ઝડપાઈ રહ્યા છે. એન તબીબી આલમ ભદનામ થઈ રહ્યું છે. ત્યારે લોકોના આરોગ્યને ધ્યાનમાં રાખી આવા પોડા ડોક્ટરો સામે ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન દ્વારા અભિયાન ચલાવવામાં આવ્યું છે. તેમાં રાજ્યના ૨૭૦૦૦ જેટલા કલીનીક, હોસ્પિટલો અને પોલીકલીનીક નોંધણી કરવામાં આવી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ૨૦૨૧ હેઠળ રાજ્યના તમામ કલીનીક, પોલીકલીનીક તથા હોસ્પિટલોના રજીસ્ટ્રેશન ફરજીવાત કરજવાત કરવા સુચના આપેલ છે. જે રજીસ્ટ્રેશન મેળવવાની આખરી તારીખ ૧૨.૦૩.૨૦૨૫ છે. રાજ્ય સરકારના આ કાયદાથી રાજ્યમાં આરોગ્યની ગુણવતા સુધરશે, રાજ્યની દરેક પૈથીઓ પેથીઓના કલીનીક, હોસ્પિટલ, પોલીકલીનીકના રજીસ્ટ્રેશન એક પ્લેટફોર્મ ઉપર થશે, રાજ્યના નાગરિકોને રાજ્યમાં આવેલ માન્ય હેલ્થ ફેસીલીટી દ્વારા સારવાર મળશે. ભોગસ દવાખાના ચલાવતા અમાન્ય ડીગ્રી ધારક તબીબોને આ કાળ રજીસ્ટ્રેશન ન મળતા આપો આપ તબીબી સેવામાંથી આ દુષણ દૂર થઈ જશે. રાજ્ય સરકારને તમામ પેથીના ડેટા એક પ્લેટફોર્મ મારફતે મળી રહશે જેથી કૌના જેવી મહામારીમાં પ્રજાને સાચી હોસ્પિટલ અને સાચા તબીબ પાસે સારવાર મેળવવાના લાભ મળશે. વૈશ્વિક સ્તરે દેશનો હેલ્થ ઈન્ડેક્સ સુધરશે જેથી આ માટે સરકાર દ્વારા www clinicale stabli shment.gipl.in વેબસાઈટ મારફતે રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આયુર્વેદ દિવસના પાવન વસરે દેશ કા પ્રકૃતિ પરીક્ષણ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે અભિયાન ભારત સરકારના નેશનલ કમીશન શેર ઈન્ડિયન સીસ્ટમ ઓફ મેડીસીન, નવી દિલ્હી તથા તેમના બોર્ડ ઓફ એથીક્સ એન્ડ રજીસ્ટ્રેશન ધ્વારા સંવિધાન દિવસ (૨૬મી નવેમ્બર, ૨૦૨૪) થી શરૂ થઈને ભૂતપૂર્વ માનનીષ પ્રધાનમંત્રી, ભારત રત્ન શ્રી અટલ બિહારીજીની જન્મજયંતિ (૨૫મી ડિસેમ્બર, ૨૦૨૪) સુધી ચાલુ રહેશે.જેમાં પ્રથમ દિવસે પ્રકૃતિ પરીક્ષણ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિનું કરવામાં આવેલ. આ અભિયાન દરમિયાન, દેશના કરોડો લોકોને આયુર્વેદિક સિદ્ધાંતો પર આધારિત પ્રકૃતિ પરીક્ષણ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને કરવામાં આવશે. બોર્ડમાં માન્ય લાયકાતને આધારે નોંધાયેલ રજિસ્ટ! પ્રેક્ટિશનરોને મોબાઈલ એપ્લીકેશન મારફતે નાગરિકોનું પ્રકૃતિ પરીક્ષણ કરવાનું રહેશે.આ અભિયાન ગિનિસ વર્લ્ડ રેકોડર્સ સ્થાપિત કરવાનું લક્ષ્ય ધરાવે છે.

ભારત સરકારના NCISM, નવી દિલ્હીના તા.૨૮.૧૧.૨૦૨૪ ના પત્ર મુજબ ૫૦૦ પ્રકૃતિ પરીક્ષણ કરનાર રજિસ્ટર્ડ પ્રેક્ટિશનરોને ૧૦ CME ક્રેડીટ પોઈન્ટ અને ૨૫૦ પ્રકૃતિ પરીક્ષણ કરનાર રજિસ્ટર્ડ પ્રેક્ટિશનરોને 5 CME ડીટ પોઈન્ટ બોર્ડ ઓફ એથિક્સ એન્ડ રજિસ્ટ્રેશન, NCISM દ્વારા આપવાનું નક્કી કર્યું છે. જે આગામી રિન્યુઅલમાં ઉપયોગી થશે.

દરેક નોંધાયેલ સ્નાતક તબીબ આ અભિયાનમાં જોડાઈ તા.૨૫.૧૨.૨૪ સુધીમાં પ્રકૃતિ પરીક્ષણ કરી અભિયાનને સફળ બનાવવા અનુરોધ છે. તેમ પત્રકાર પરિષદમાં બોર્ડના પ્રમુખ ડો. સંજય જીવરાજાની સહિતના હોદેદારો-પ્રતિનિધિઓએ જણાવ્યું હતું.




# બોગસ દસ્તાવેજ કરાવી લેનાર 'પડદા પાછળના ખેલાડીઓ' વિરુદ્ધ તપાસનો ગાળિયો કસાશે

## હાર્દસમાન વિસ્તારની જમીનનો બોગસ દસ્તાવેજ બનાવી પ્રોજેક્ટ ખડકી દેવાયો?

- **હર્ષ સોની એટલે 'તેલગી'નો નાનો ભાઈ?**
- **હર્ષ સોની, જયદીપ ઝાલા અને કિશન ચાવડા વિરુદ્ધ ગુનો : જયદીપના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી**
- **૧૯૭૨થી ૧૯૯૮ સુધીના હસ્તલેખિત દસ્તાવેજોમાં ચેડા કરી મિલ્કત ત્રાહિત વ્યક્તિના નામે ચડાવી દેવાતી'તી**



રાજકોટ, તા. ૧૨ઃ રાજકોટની સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજનું કૌભાંડ સામે આવ્યા બાદ પોલીસની તપાસમાં અનેક ઘટસ્ફોટ થયાનું જાણવા મળ્યું છે. સબ રજીસ્ટ્રાર કચેરીમાં કોન્ટ્રાકટ આધારિત સુપરવાઈઝર તરીકે કામ કરતા જયદીપ ઝાલાની ધરપકડ બાદ પૂછપરછમાં અનેક ચોકાવનારી વિગતો સામે આવ્યાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. પ્ર.નગર પોલીસે હાલ જયદીપ ઝાલા, કિશન ચાવડા અને હર્ષ સોની વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. વધુ પૂછપરછ માટે જયદીપ ઝાલાના ૧૪ દિવસના રિમાન્ડની પણ માંગણી કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય બાબત છે કે, હજુ ફક્ત દસ્તાવેજ બનાવનારના નામો સામે આવ્યા છે પણ દસ્તાવેજ બનાવી મિલ્કત ઓળવી જનારા પડદા પાછળના ખેલાડીઓ વિરુદ્ધ પણ તપાસનો ગાળિયો કસાય તો નવાઈ નહિ ત્યારે સમગ્ર કૌભાંડમાં અનેક નવા નામો ખુલે તેવી પ્રબળ શક્યતાઓ છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રૈયા સર્વે નંબર ૨૭૭/૧ પ્લોટ નંબર ૪૨ માં ગામ નમૂના નંબર ૨માં દાખલ કરવામાં આવેલી નોંધ રદ્દ કરવા જમીનના દસ્તાવેજની ખરાઈ કરવા પશ્ચિમ મામલતદારને જણાવવામાં આવ્યું હતું ત્યારે રજીસ્ટ્રાર કચેરી દ્વારા મોકલાવવામાં આવેલા દસ્તાવેજ તેમજ મામલતદાર કચેરી પાસે ઉપલબ્ધ દસ્તાવેજમાં વિસંગતતા જોવા મળતા સબ રજીસ્ટ્રારને જાણ કરવામાં આવી હતી. જે બાદ રજીસ્ટ્રાર અતુલ દેસાઈએ અન્ય હસ્ત લેખિત દસ્તાવેજોની તપાસ કરાવતા તેમાં પણ વિસંગતતા જોવસ મળી હતી જે બાદ કુલ ૧૭ જેટલાં બોગસ દસ્તાવેજ બની ગયાનું ધ્યાને આવ્યું હતું. બાદમાં સબ રજીસ્ટ્રારે આ બાબતે પોલીસને જાણ કરતા પ્ર.નગર પોલીસે તપાસ શરૂ કરી હતી.

દરમિયાન પોલીસે સબ રજીસ્ટ્રાર કચેરીમાં કરાર આધારિત સુપરવાઈઝર જયદીપ ઝાલાને ઉઠાવી આકરી પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. જે પૂછપરછમાં કોમ્પ્યુટર ઓપરેટર કિશન ચાવડાનું નામ ખુલ્યા બાદ માસ્ટર માઇન્ડ તરીકે હર્ષ સાહેલિયા ઉર્ફે હર્ષ સોનીનું નામ ખુલયુ હતું. જે બાદ હર્ષ અને કિશન બંનેની શોધખોળ કરવામાં આવતા બંને મળી આવ્યા ન હતા. જે બાદ હર્ષ સોનીના બીલખા પ્લાઝા ખાતે આવેલા ફ્લેટની તપાસ કરવામાં આવી હતી. જ્યાંથી પોલીસને દસ્તાવેજ, સ્ટેમ્પ, સ્ટેમ્પ બનાવવાનું મશીન, ફોટો પ્રોફેશનલ ટ્રેકિંગ પેપર સહિતની સામગ્રી મળી આવી હતી.

હાલ પોલીસ હર્ષ અને કિશનની શોધખોળની સાથોસાથ અનેક દિશામાં તપાસ ચલાવી રહી છે. ત્યારે હવે પોલીસના જણાવ્યા અનુસાર ૧૭ બોગસ દસ્તાવેજ બની ગયાનું સામે આવ્યું છે ત્યારે હર્ષ સોની, જયદીપ ઝાલા અને કિશન ચાવડા તો ફક્ત બોગસ દસ્તાવેજ બનાવતા હતા પણ દસ્તાવેજ બનાવી મિલ્કત ઓળવી જનારા પડદા પાછળના ખેલાડીઓ કોણ છે તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કર્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય બાબત છે કે, ૧૯૭૨થી ૧૯૯૮ સુધીના હસ્તલેખિત દસ્તાવેજોમાં જ ચેડા કરવામાં આવ્યા હતા ત્યારે આ જમીનોના દસ્તાવેજ કોના કોના નામે કરવામાં આવ્યા હતા? પડદા પાછળ કોણ મિલ્કત પચાવવાનું ષડયંત્ર ચલાવતું હતું? આ દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

### હાર્દસમાન વિસ્તારની જમીનનો બોગસ દસ્તાવેજ બનાવી પ્રોજેક્ટ ખડકી દેવાયો?

સમગ્ર કૌભાંડથી વાકેફ લોકોમાં હાલ એક ચર્ચા ખુબ તીવ્ર બની છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના એક હાર્દ સમાન વિસ્તારની લગડી જેવી જમીનનો બોગસ દસ્તાવેજ એક કુંભ રાશિના જાતકે બનાવડાવી અન્ય એક કુંભ રાશિના તપતા સૂરજ જેવા શખ્સને વેંચી દીધાનું અને હાલ અહીં મોટો પ્રોજેક્ટ ખડકી દેવાયાનો પણ ગણગણાટ છે.

### રાજકીય છેડો ધરાવતા શખ્સે પણ ૨ દસ્તાવેજ બનાવડાવ્યા

હર્ષ મહાજન ફક્ત મહોરું હતું પણ પડદા પાછળ મોટો ખેલ કોઈક અલગ જ ખેલાડીઓ ખેલી ગયાંનો પણ હાલ ગણગણાટ છે. એક રાજકીય છેડો ધરાવતા શખ્સ કે જેઓ રાજકોટની ઐતિહાસિક ધરોહર સમાન મિલ્કતની તદ્દન સામે આવેલી બિલ્ડીંગમાં લકઝરીયસ ઓફિસ ધરાવતા શખ્સે તો બે કે તેથી વધુ જમીનોના બોગસ દસ્તાવેજ બનાવડાવી લીધાનું સૂત્રો જણાવી રહ્યા છે.

### હર્ષ સોની એટલે 'તેલગી'નો નાનો ભાઈ?

અગાઉ મહારાષ્ટ્રમાં નકલી સ્ટેમ્પ બનાવવાનું અબજો રૂપિયાનું કૌભાંડ ઝડપાયું હતું જેમાં માસ્ટર માઈન્ડ તરીકે અબ્દુલ કરીમ તેલગીનું નામ સામે આવ્યું હતું. ત્યારે હવે બોગસ દસ્તાવેજ કૌભાંડમાં હાલના તબક્કે માસ્ટર માઈન્ડની ભૂમિકા ધરાવતા હર્ષ સોનીના ફ્લેટમાંથી દસ્તાવેજો, સ્ટેમ્પની સાથે સ્ટેમ્પ બનાવવાનું મશીન તેમજ ફોટો પ્રોફેશનલ ટ્રેકિંગ પેપર પણ મળી આવ્યા છે જેથી શું હર્ષ મહાજન નકલી સ્ટેમ્પ પણ બનાવતો હતો તેવો સવાલ ઉઠ્યો છે.

# આજે મુખ્યમંત્રીના હસ્તે રાજકોટમાં ૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુર્હુત

## રેસકોર્ષમાં સભા નવી ૨૨ સીએનજી બસને ફ્લેગઓફ: સ્માર્ટ સીટી મીની દુબઇ જેવું ૨૪ કલાક પાણી, રીસાયકલ સિસ્ટમ, ૨૦૦ ફૂટના રસ્તા



રાજકોટ, તા.૧૩: રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આવતીકાલ તા.૧૩ના શુક્રવારે મ્યુનિ. કોર્પોરેશનના કુલ ૭૯૩.૮૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાત મુર્હુત કરવાના છે. કાલે બપોરે ૧૨ કલાકે રેસકોર્ષ ખાતે યોજાનારા કાર્યક્રમમાં નવા રીંગ રોડ પર સ્માર્ટ સીટીમાં બનેલા અટલ સ્માર્ટ સીટી સંકુલ સહિત ૫૬૯.૧૯ કરોડના ચાર પ્રકલ્પના ઉદ્દઘાટન અને ૨૨૪.૨૬ કરોડના ૫૬ પ્રકલ્પના ખાત મુર્હુત કરશે. ૧.૫ બીએચકેના ૧૦૧૦ આવાસનો ડ્રો, રૂડાના ખાલી ૨૧૦ આવાસના ડ્રો, શહેરમાં વધુ ૨૨ સીએનજી બસ, ડ્રેનેજ માટે વસાવવામાં આવેલ ૭ નવા જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ આ સાથે રાખવામાં આવ્યું છે. રાજકોટમાં હાલ સૌથી મોટા રોડ ૧૫૦ ફૂટના છે. હવે સ્માર્ટ સીટીમાં ૨૦૦ ફૂટ સુધીના રોડ બનશે. સૌથી નાનો રોડ પણ ૮૦ ફૂટનો છે. ૨૦૦ ફૂટના રોડ ૩ કિ.મી.માં અને ૧૫૦ ફૂટના રોડ ૧૫ કિ.મી.માં છે. ૨૪ કલાક પાણીનું માળખુ ઉભું કરાયું છે. તો પાણી વપરાયા બાદ ફરી અન્ય ઉપયોગમાં લઇ શકાય તે માટે દુબઇની જેમ સ્માર્ટ સીટીમાં રિસાયકલ, વોટર સપ્લાય સિસ્ટમ ૮૫ કરોડના ખર્ચે ઉભી કરાઇ છે.

### અટલ સરોવર

મહાનગરપાલિકા દ્વારા ટી.પી. સ્કીમ નં.૩૨(રૈયા) વિસ્તારમાં શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને હરવા ફરવા તેમજ મનોરંજન માટે એક નવું નજરાણું અટલ સરોવર અને એમ્યુઝમેન્ટ પાર્ક રૂ.૧૩૬ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલ છે. આ અટલ સરોવરમાં અંદાજે ૪૭૭ મિલિયન લિટર વરસાદી પાણીનો સંગ્રહ થશે. અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી છે. ટોયટ્રેન, શોપીંગ સેન્ટર સહિતની સુવિધાઓ હવે ઉમેરાશે.

### રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પાંચ વર્ષના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ સાથે કુલ રૂ.૫૬૫.૧૧ કરોડના ખર્ચે રોડ નેટવર્ક, બી.આર.ટી.એસ. કોરીડોર તથા બસ સ્ટોપ, સ્માર્ટ લાઈટિંગ, ૨૪૭ વોટર સપ્લાય, યુટિલિટી ડ્ક્ટ, સ્ટોર્મ વોટર, સીવરેજના કામો થયા છે. અટલ સ્માર્ટ સિટી સંકુલ ૯૩૦ એકરના વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩૨(રૈયા) પ્રારંભિક મંજુર કરેલ છે. લેન્ડ પુલિંગ ટેકનિક અંતર્ગત અનામત હેતુના કુલ ૫૦ પ્લોટોનું ક્ષેત્રફળ ૨૮,૪૬,૨૧૬ ચો.મી. જમીન મળી છે.

### ૨૪ કલાક પાણી-રીસાયકલ સિસ્ટમ

અટલ સ્માર્ટ સિટી સંકુલના ટી.પી. રસ્તાઓ પર પોટેબલ વોટર તથા રિસાયકલ્ડ વોટર, એમ બંને લાઈનો નાખવામાં આવેલ છે. સામાન્ય રીતે કોઈપણ મિલકતને એક કનેક્શન દ્વારા પાણી ઉપલબ્ધ કરાવવામાં આવતું હોય છે, પરંતુ સ્માર્ટ સિટી વિસ્તારમાં સૂચિત મિલકતોને બે કનેકશનો એટેલે કે પીવાના પાણી તથા રિસાયકલ્ડ વોટરનું કનેક્શન ઉપલબ્ધ થશે. જેથી સૂચિત વિકાસમાં ડબલ પ્લમ્બિંગ સીસ્ટમ ફરજીયાત હોઈ,રિસાયકલ્ડ વોટર કનેક્શનથી પીવાના પાણીમાં 30% સુધીની નોંધપાત્ર બચત થશે. રિસાયકલ્ડ વોટરના ઉપયોગથી પર્યાવરણ સુરક્ષામાં વધારો થશે. રીસાઈકલ્ડ વોટર માટે સ્માર્ટ સિટી વિસ્તારમાં હયાત ૫૬ ખકઉ કેપેસિટી એસ.ટી.પી.ના ટ્રીટેડ પાણીને ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરી ભવિષ્યની વધારાની માંગને પહોચી વળવા રાજકોટ સ્માર્ટ સિટી દ્વારા ૮ એમએલડી કેપેસિટીના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રીસાયકલ વોટર રીઝર્વોયર (સમ્પ) ૨૩.૦૦ મિલિયન લીટર કેપેસિટી તથા રિસાયકલ્ડ પાણીના નેટવર્કનું કામ કરવામાં આવેલ છે.

સ્માર્ટ સીટીમાં કેરેજ-વે બહાર એટલે કે રોડની બંને તરફ સિવરલાઈન ૩૩ કરોડના ખર્ચે નાખવામાં આવી છે. વરસાદી સહિતના પાણીના નિકાલ માટે ૭૯ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેનેજ મારફત ટીપે ટીપા પાણીના ઉપયોગ માટે લાઇન નાખવામાં આવી છે. અટલ સરોવર તથા અન્ય તળાવમાં જળ સંચય થશે. આ વિસ્તારમાં પાણીના તળ અત્યારથી ઉંચા આવ્યા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે ૨૦ કરોડના ખર્ચે ગૃપ ડીમિંગ ધરાવતી અને રીમોટલી કંટ્રોલ થઇ શકે તેવી અત્યાધુનિક સ્માર્ટ સ્ટ્રીટ લાઈટિંગ અને એલાઇડ સપોર્ટ સિસ્ટમને ધ્યાનમાં લેવામાં આવી છે. સ્માર્ટ સ્ટ્રીટ લાઇટનાં લીધે પાવરનો બચાવ થશે અને જે કાર્બન ઉત્સર્જન ઘટાડીને પર્યાવરણને ફાયદો આપશે. ૧૦૮ કરોડના ખર્ચે પાવર કેબલ માટે યુટીલીટી ડક્ટસ બનાવાયા છે.

આ લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, ભાવેશભાઈ દેથરીયા, અશ્વિનભાઈ પાંભર, સુરેશભાઈ વસોયા, નીતિનભાઈ રામાણી, હોદેદારો, કોર્પોરેટરો, અધિકારીઓ, નગરજનો હાજર રહેશે.

# દર વર્ષે ધુમ્મસના કારણે થાય છે 30 હજાર અકસ્માત, ગત ચાર વર્ષના આંકડા ચોંકાવનારા

## NHAIએ ગાઈડલાઈન બહાર પાડી

નવી દિલ્હી, તા. ૧૨: રાજ્યસભામાં માર્ગ પરિવહન મંત્રાલયે ગત વર્ષના આંકડા જાહેર કર્યા છે. જેમાં ચાર વર્ષના સરેરાશ આંકડા જોઈએ તો 30 હજાર રોડ અકસ્માત શિયાળામાં ધુમ્મસના કારણે થાય છે. રાજ્યસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો કે દર વર્ષે દેશમાં શિયાળામાં પડતી ધુમ્મસના કારણે કેટલી દુર્ઘટનાઓ બને છે, જેના જવાબમાં આ આંકડા આપવામાં આવ્યા.

માર્ગ પરિવાહન મંત્રાલયે જણાવ્યું કે, વર્ષ ૨૦૧૯માં ધુમ્મસના કારણે ૩૫,૬૦૨ રોડ અકસ્માત થયા, ત્યારે વર્ષ ૨૦૨૦માં ૨૬,૫૪૧ દુર્ઘટનાઓ નોંધાઈ, વર્ષ ૨૦૨૧માં ૨૮,૯૩૪ દુર્ઘટનાઓ બની, તો વર્ષ ૨૦૨૨માં ધુમ્મસના કારણે ૩૪,૨૬૨ રોડ અકસ્માત સર્જાયા.

માર્ગ પરિવહન મંત્રાલયે જણાવ્યું કે, ધુમ્મસમાં થનારા અકસ્માત રોકવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં આ વર્ષની શરૂઆતમાં કેટલાક દિશા નિર્દેશ પણ જાહેર કરાયા છે. જેમાં ધુમ્મસ દરમિયાન વાહનની સ્પીડ ઓછી કરવી, રોડ પર એવી પટ્ટિઓ લગાવવી જેનાથી ધુમ્મસ દરમિયાન પણ ચાલકને રોડનો અંદાજ રહે. રોડ પર ક્રેશ બેરિયર લગાવવા, સેફ્ટી સાઈન બોર્ડ લગાવવા, સાથે જ ટ્રક અને બસથી ડાબી જગ્યા પર સંપૂર્ણ પ્રકાર રાખવો જેનાથી કેટલાક પગલા ભરી શકાય.



### ધુમ્મસમાં વાહન ચલાવતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું?

૧) જો તમે ધુમ્મસ દરમિયાન કાર કે બાઈક લઈને જતા હોવ તો તેની હેડલાઈટને અપર મોડ પર રાખો.
૨) ધુમ્મસ દરમિયાન વાહન અથવા બાઈકની સ્પીડ ૪૦ ઊંખડ્ઇં થી વધુ ન હોવી જોઈએ કારણ કે ઘણી વખત વધુ સ્પીડમાં વાહન રોકવું મુશ્કેલ બની જાય છે અને તેનાથી અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.
૩) વાહનને બહાર કાઢતી વખતે ખાતરી કરો કે વાહનની લાઈટ યોગ્ય રીતે ચાલુ થઈ રહી છે કે નહીં. ઈન્ડિકેટરનો ઉપયોગ જરૂર કરો.
૪) ધુમ્મસ દરમિયાન હંમેશા પાર્કિંગ લાઈટ ચાલુ રાખો. આનાથી આગળ કે પાછળથી આવતા વાહનોને તમારું વાહન જોવામાં સરળતા રહે.



# બોગસ બિલિંગનો રેલો બિલ્ડરો અને વેપારીઓ સુધી પહોંચ્યો, પોણો ડઝન ઠેકાણે CGSTની અલગ-અલગ ટીમ ત્રાટકી

## પ્રાઇડ, આઇકોનિક વર્લ્ડ, પીપળિયા એમ્પાયર, મધુવન વિલા, મંગલમ સહિતના બિલ્ડરો અને સિમેન્ટ-લોખંડના વેપારીઓ પર તવાઈ

### ■ આગામી દિવસોમાં મોટી કરચોરી પકડાય તેવી શક્યતા




રાજકોટ, તા. ૧૨: સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તાજેતરમાં સરકારી કોન્ટ્રાક્ટરો સહિતના ધંધાર્થીઓનું કરોડો રૂપિયાનું જીએસટી ચોરીનું બોગસ બિલિંગ ઝડપાયા બાદ હવે બોગસ બિલિંગનો રેલો રાજકોટના અમુક બિલ્ડરો અને વેપારીઓ સુધી પહોંચ્યો છે. આજે સેન્ટ્રલ જીએસટીની ટુકડીઓ પોણો ડઝન બિલ્ડરો અને વેપારીઓને ત્યાં ત્રાટકતા મોટી રકમની જીએસટી ચોરી ઝડપાવાની શક્યતા છે. આ ઉપરાંત બિલ્ડરો અને અમુક લોખંડના વેપારીઓની બોગસ બિલિંગ કૌભાંડમાં ભાગીદારી ખુલવાની શક્યતા છે.

મળતી માહિતી મુજબ, રાજકોટના મોટા બિલ્ડર ગૃપો પ્રાઇડ, આઇકોનીક વર્લ્ડ, પીપળિયા એમ્પાયર, મધુવન વિલા, મંગલમગ્રુપ, વનવર્લ્ડ તેમજ લોખંડના અમુક વેપારીઓને ત્યાં સેન્ટ્રલ જીએસટીની ટુકડીઓ ત્રાટકી છે. આ બિલ્ડરોના ઓફિસો તેમજ નાણાકીય વ્યવહાર થતા હોય તેવા સ્થળોએ સીજીએસટીની અલગ અલગ ટુકડીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે અને સેન્ટ્રલ જીએસટીના એડિશનલ કમિશનર ખુદ આ તપાસમાં જોડાયા હોવાનું જાણવા મળ્યું છે.

આ બિલ્ડરોએ સિમેન્ટ અને લોખંડના અમુક ટ્રેડરો પાસેથી લીધેલા બિલ શંકાસ્પદ હોવાનું બહાર આવતા તપાસ હાથ ધરવામાં આવી છે અને આ તમામ સ્થળેથી તેમની ખરીદીના બિલ સાથે ઈ-વે બિલ ઉપરાંત ટોલટેક્સની રસીદો સહિતની વિગતો માંગવામાં આવી છે. તેમજ હિસાબી સાહિત્ય અને ડિઝિટલ ડેટા પણ કબ્જે કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં મોટી રકમની કરચોરી બહાર આવવાની શક્યતા દર્શાવાઈ રહી છે.

સીજીએસટીના સુત્રોના કહેવા મુજબ અમુક બિલ્ડરોએ ખર્ચા બતાવવા માટે જે પેઢીઓ પાસેથી બિલો લીધા છે તે પેઢીઓના તાજેતરમાં બોગસ બિલિંગના રેકેટ બહાર આવ્યા છે. તેના કારણે બિલ્ડરોએ પણ ખર્ચ બતાવવા માટે બોગસ બિલો લીધા હોવાની શંકા છે. અમુક પેઢીઓના બિલો પણ બિલ્ડરો પાસેથી મળી આવ્યા છે. તેના કારણે કરચોરી બહાર આવવાની પુરી શક્યતા છે. હાલ લગભગ ૧૮ જેટલા સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસ બે દિવસ ચાલે તેવી શક્યતા છે. આ તપાસ દરમિયાન મોટી કરચોરી પકડાય તો ઈન્કમટેક્સ તંત્રને પણ જાણ કરવામાં આવનાર છે.

# થાનગઢ મ્યુનિ. હાઈસ્કૂલના NCC કેડેટ્સની માંડવ વનમાં પ્રકૃતિ શિક્ષણ શિબીર યોજાઇ




થાનગઢ, તા. ૧૨: ગત તા.૭ અને ૮ એમ બે દિવસ થાનગઢ પાસે આવેલ માંડવવનમા ફોરેસ્ટ વિભાગ દ્વારા આયોજીત બે દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબીરનો NCC કેડેટ્સ તેમજ શાળાના રમતવીરોએ લાભ લીધો. જેમાં તેમને ટ્રેકીંગ ઉપરાંત વન્ય વૃક્ષો તેના નામ-ઉપયોગીતા, વન્ય પશુ-પક્ષી, જીવ જંતુની માહિતી અપાઈ. તેમજ રાત્રી રોકાણ વખતે 'કેમ્પ ફાયર' દરમીયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. શિબીરના બીજા દિવસે RFO શ્રી રાજાણી સાહેબ અને વન રક્ષક સાગરભાઇએ ટ્રેકિંગ દરમીયાન વન પર્યાવરણ સંરક્ષણ અંગે માહિતી આપવા ઉપરાંત અંતમાં સર્ટિફિકેટ આપી કેડેટ્સને અભિવાદિત કર્યા હતા. શાળાના આચાર્ય કમ NCC ઓફિસર પી.એમ.ઝાલા તેમજ ઈઝદ જે.એ.સોલંકી બે દિવસ શિબીરમાં સાથે રહી કેડેટ્સને પ્રોત્સાહિત કર્યા હતા.

# વાસુકીદાદાના મંદિરે શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન




થાનમઢ, તા. ૧૨: શ્રી વાસુકીદાદા ના મંદિરે શ્રી અશોક ભાઈ રાવલ એક મહિના સુધી શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. કથા પ્રારંભઃ૧૩/૧૨/૨૦૨૪ ને શુક્રવારે થશે. જ્યારે પુર્ણાહુતી તાઃ૧૫/૧/૨૦૨૫ ને બુધવાર ના દિવસે કરવામાં આવશે. કથાનો સમય બપોરે ૪ થી ૬ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ છે. થાનગઢ ના ધર્મપ્રેમીજનો ને દાદાના મંદિરે શ્રીમદ ભાગવત કથા શ્રવણ કરવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# સુત્રાપાડાના બરૂલાના તળાવમાંથી માટીચોરીના મામલે NHAIના કોન્ટ્રાકટર ને રૂ.૧.૩૧ કરોડનો દંડ

## રાજકીય નેતાના મળતીયાઓએ આચર્યુ હતું માટીચોરી કૌભાંડ

- **નેતાના ધમપછાડા વચ્ચે તંત્રની તટસ્થ કડક કાર્યવાહીના પગલે જીલ્લાભરમાં ચકચાર**





અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૨: ગીર સોમનાથના સુત્રાપાડાના બરૂલા ગામે સરકારી તળાવમાંથી ગેરકાયદેસર રીતે માટી ચોરી કર્યાના મુદ્દે ખાણ ખનીજ વિભાગ દ્વારા ગઈઅઈ ના કોન્ટ્રાકટરને રૂ.૧.૩૧ કરોડનો દંડ ફટકારતા ચકચાર જાગી છે. સુજલમ સુફલામના નામે સરકારને લાખો રૂપિયાની રોયલ્ટીનો ચુનો ચોપડવા માટે ગોઠવાયેલ કૌભાંડ મિડીયા દ્વારા ખુલ્લુ પાડી આ મુદ્દે અહેવાલ પ્રસિદ્ધ કરી જવાબદાર તંત્રને જગાડ્યુ હતુ.

સોમનાથ કોડીનાર નેશનલ હાઈવેનું કામ કરી રહેલ કલથીયા એન્જી. નામની એજન્સીમાં ગીર સોમનાથ વિસ્તારના એક રાજકીય નેતા દ્વારા પેટામાં માટીકામ રાખવામાં આવેલ હતુ. આ કામમાં નિયત થયેલ બોરોપીટના બદલે નજીકના જ વિસ્તારોમાંથી માટીચોરી કરી નાખવા માટે સુનિયોજીત કૌભાંડ રચવામાં આવેલ અને સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામે આવેલ સરકાર તળાવમાંથી ડિસેમ્બરથી માર્ચ સુધી બેફામ રીતે હજારો મેટ્રિક ટન માટીચોરીને અંજામ આપવામાં આવ્યો હતો.

આ માટીચોરી કૌભાંડમાં જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારી સાથે સાંઠગાંઠ રચી સુજલમ સુફલામના નામે માટી ચોરીને અંજામ અપાયેલ પરંતુ જુલાઈ માસમાં વરસાદ આવતા તળાવના પાળા ક્ષતિગ્રસ્ત બનતા ભયજનક સ્થિતિમાં આવી જતા બરૂલા ગામના ગીર સોમનાથ ભાજપ બક્ષીપંચ મોરચા ના અધ્યક્ષ પ્રો. જીવાભાઈ વાળાએ તંત્રને ફરિયાદ કરી હતી.

આ સમયે મિડીયામાં માટીચોરી મુદ્દે અહેવાલો પ્રસિદ્ધ થતાં તંત્ર પણ હરકતમાં આવ્યુ હતુ. યુદ્ધના ધોરણે તળાવના પાળાની મરામત શરૂ કરાતા મોટી દુર્ઘટના બનતી અટકી હતી.


આ તળાવ ક્ષતીગરત બનેલ ત્યારે માટીચોરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને નેશનલ હાઈવેના કોન્ટ્રાકટરના પેટામાં માટીકામ કરી રહેલ રાજકીય નેતાના મળતીયાઓએ મોટાપાયે માટીચોરી કરી હોવાનું સામે આવતા આ મામલે સિંચાઈ વિભાગ દ્વારા ખાણ ખનીજ વિભાગને માટી ચોરી અંગે લેખિત જાણ કરી હતી.

આ અંગે કાર્યવાહીની વિગતો આપતા જીલ્લા ભુસ્તરશાસ્ત્રી વિજય સુમેરાએ જણાવેલ કે, જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના પત્ર અનુસંધાને ગઈઅઈ ના કોન્ટ્રાકટર કલથીયા એન્જી.ને માટી ચોરી અંગે નોટિસ ફટકારી નિયમ અનુસાર બે સુનવણી રાખી હતી. જેમાં ત્રીજી સુનવણીમાં કલથીયા એન્જી.ના પ્રતિનિધિ હાજર ન રહેતા આખરે ૫૬ હજાર મેટ્રિક ટન માટી ચોરી મામલે રૂ.૧ કરોડ ૩૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સદરહુ દંડની રકમ આગામી ૩૦ દિવસમાં ભરપાઈ કરવામાં નહીં આવે અથવા અપીલ નહીં કરાઈ તો રેવન્યુ તેમજ FIR કરી વસુલાત કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, તાલાલા વિધાનસભા વિસ્તારના રાજકીય નેતાના મળતીયાઓ દ્વારા આચરવામાં આવેલ માટી ચોરી કૌભાંડમાં નેતાના ધમપછાડા વચ્ચે જીલ્લાના તંત્રએ આકરી કાર્યવાહી કરતાં સમગ્ર જીલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા આકસ્મિક અવસાન પામનાર ખેડુત ખાતેદારના વારસદારોને ચેક વિતરણ

ગોંડલ, તા. ૧૨: ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા આકસ્મિક અવસાન પામનાર ખેડુત ખાતેદારના વારસદારોને ધારાસભ્યના પ્રતિનિધિ અને યુવા અગ્રણી ગણેશભાઈ તેમજ યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, યાર્ડના ડિરેક્ટર કચરાભાઈ વૈષ્ણવ, વલ્લભભાઈ ડોબરીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, શહેર ભાજપ મહામંત્રી સમીરભાઈ કોટડીયા સહીત આગેવાનો દ્વારા ચેક વિતરણ




કરવામાં આવ્યા હતા. ખંભાલીડાના ઉપેન્દ્રસિંહ જાડેજાનુ અવસાન થતા તેમના વારસદાર તરીકે નયનાબા જાડેજા, દેવચડીના હરેશભાઈ શિયાળાના વારસદાર શીતલબેન શિયાળ, દેરડી કુંભાજીના ભાવેશભાઈ ખાતરા ના દેવશીભાઈ ખાતરા અને દેરડીના સોનલબેન ખાતરાના અનિલભાઈ ગોરસીયાને આકસ્મિક વીમા પોલીસી અંતર્ગત રૂપિયા પાંચ લાખના ચેક વિતરણ કરવામાંઆવ્યાહતાં.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારા રાજકોટમાં રેસકોર્સ ખાતે કાલે ૭ દીકરીઓના સમૂહ લગ્ન

રાજકોટ, તા. ૧૨ઃ સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારા રાજકોટમાં રેસકોર્સ ખાતે કાલે ૭ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરેલ છે. જેના અનુસંધાને વિશાળ ગ્રાઉન્ડ, મંડપ, જાન ઉતારા, સ્ટેજ, પાર્કિંગ તેમજ મહેમાનોને આવકારવા સહીતની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. કેટલાક માલેતુજારો દ્વારા લગ્નો માં મોટો ખર્ચ કરવામાં આવતો હોઈ છે. ત્યારે સમાજના ગરીબ તેમજ મધ્યમ વર્ગીય લોકોને મદદરૂપ થાય તેવું આયોજન સમાજના અગ્રણીઓ કરતા હોઈ છે. આવો જ એક કાર્યક્રમ સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે, આ



સમૂહ લગ્નમાં આયોજન માં દીકરીઓ ને કરિયાવરમાં સોના-ચાંદીની વસ્તુ તેમજ ઘરવખરીની તમામ વસ્તુઓ. સહીત ૧૦૪ (૧૮૦ નંગ એક દીકરીને) વસ્તુઓ આ દીકરીઓ ને કરિયાવરમાં આપવામાં આવશે. તાઃ ૧૪-૧૨-૨૦૨૪ ના રોજ બપોરે ૧ કલાકે જાન આગમન થશે, ૨.કલાકે ભવ્ય વરઘોડો તેમજ સાંજે ૫.૩૦કલાકે હસ્તમેળાપ તેમજ ૭.૩૦ કલાકે કન્યા વિદાઈ થશે. આ સાથે આ લગ્ન સમારોહમાં સંતો- મહતો, સામાજિક તેમજ રાજકીય આગેવાનો, રાજકારણીઓ, સાંસદો તેમજ ધારાસભ્યો સહીત સહીત રાજકોટ જિલ્લા શહેર સહીત જિલ્લામાંથી મહાનુભાવો આ નવદંપતીઓને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેશે. આ સાથે સમાજનું નામ રોશન કરતા સમાજના રત્નોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે, તેમજ સમાજ ના નામી અનામી કલાકારો લગ્ન ગીતો તેમજ ડાયરા ની રમઝટ બોલાવસે આ સાથે સમાજ માટે વ્યસન મુક્તિનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. આ સમૂહ લગ્ન ને સફળ બનાવવા મુખ્ય આયોજક પ્રમુખ પ્રમુખ શ્રી ગોપાલભાઈ બોરાણા, શ્રી રાજુભાઈ બોરાણા, શ્રી મહેશભાઈ ગોહેલ, શ્રી રાજેન્દ્રભાઈ સોઢા, શ્રી નરેશભાઈ મેર, શ્રી નીરવભાઈ વાણીયા, શ્રી સુનિલભાઈ પેથાણી, શ્રી દિવ્યેશભાઈ ભોજક, શ્રી મેહુલભાઈ ગોહેલ, શ્રી લખમણભાઈ પરમાર, શ્રી ધર્મેશભાઈ સોઢા, હરીશભાઈ જોગેલા અમુભાઈ સોઢા ખીમજીભાઈ સોઢા કમલેશભાઈ મચ્છોયા, દિપકભાઇ બોડા, મનુભાઈ ગોહેલ, અંકિતભાઈ ગોહેલ, અંકિતભાઈ બોડા સહીત ટ્રસ્ટના કાર્યકરો જેહમત ઉઠાવી રહ્યા છે.

## ગુંદલાવ ખેરગામ રોડ બન્યો અકસ્માત જોન



વલસાડનો ગુંદલાવ ખેરગામ રોડ બની ગયો છે ત્યારે ગુંદલાવ ગામે વાહનોના પાર્કિંગ દબાણોથી અકસ્માત ના થાય તેના માટે તંત્ર એ કોઈ પગલા લેવા પડશો તે જરૂરી બન્યું છે ગુંદલાવ ખેરગામ રોડ ની જરૂર હતી તે લોકો ને સારો રસ્તો મળ્યો છે પણ તંત્ર દ્વારા દબાણો તેમજ વાહનો રોડ પર પાર્ક કરતા હોઈ તેના વિરુદ્ધ કાર્યવાહી કરવી જરૂરી બની છે.

# ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ધોરાજી ખાતે આંખોની તપાસ માટેનો કેમ્પ યોજાયો

■ ૩૮૧ લોકોને ચશ્મા નિશુલ્ક આપવામાં આવ્યાં

ધોરાજી, તા. ૧૨ઃ ધોરાજી એસટી ડેપો ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને સ્થાનિક ડેપો કર્મચારીઓના સહકારથી આંખોના દર્દીઓની આંખોની તપાસ તેમજ નિશુલ્ક ચશ્મા વિતરણ માટેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના નયનાબેન અંટાળા,




તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

પ્રકાશભાઈ ગાલોરીયા તેમજ એસટી ડેપોના અધિકારી કર્મચારીના સહયોગથી યોજાયેલ કેમ્પમાં આંખ રોગના નિષ્ણાત તબીબો દ્વારા ૪૦૦ જેટલાં લોકોની તપાસ કરાઈ હતી. જેમાં ૩૮૧ લોકોને ચશ્મા નિશુલ્ક આપવામાં આવ્યાં હતાં.

# સૌ. યુનિ.માં ૧૭ ડિસે.થી ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓની પરીક્ષા

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આગામી તારીખ ૧૭થી ૨૪ ડિસેમ્બર સુધી સ્નાતકમાં અભ્યાસ કરતા સેમેસ્ટર ૩ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવનાર છે. જે માટે પરીક્ષા વિભાગ દ્વારા શિડ્યુઅલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ પરીક્ષામાં સૌથી વધુ બી.એ અને બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. બીએમાં ૨૦,૮૮૧ તો બીકોમમાં ૧૭,૪૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જ્યારે બીએસસી એપ્લાઈડ ફિઝિક્સ વિષયમાં સૌથી ઓછા માત્ર ૨ તો બીએ આઇડીમાં ૧૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ વખતે પણ પરીક્ષામાં સીસીટીવી વેબસાઈટ ઉપર જોવા નહીં મળે એટલે કે પરીક્ષામાં પારદર્શકતા રાખવાની વાતો હવામાં રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના OSD નિલેશ સોનીએ જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતકમાં અભ્યાસ કરતા ૫૪,૯૧૬ વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી તારીખ ૧૭ ડિસેમ્બરથી શરૂ થશે. જેમાં અમૂક કોર્સની માત્ર ૨ દિવસ તો અમૂકની ૭ દિવસ પરીક્ષા ચાલશે. જેપા પરીક્ષાનો સમય સવારે ૧૦૩૦થી ૧૩૦ તો બપોરનો ૨૩૦થી ૪૩૦ સુધીનો હશે. ૧૫૭ પરીક્ષા કેન્દ્રો ઉપરથી આ પરીક્ષા લેવામાં આવશે જેમાં અંદાજે ૭૫ જેટલા ઓબ્જર્વર મોનિટરિંગ કરશે. ઉલ્લેખનીય છે કે, બે વર્ષ પહેલાં તત્કાલીન કાર્યકારી કુલપતિ ડો. ગિરીશ ભીમાણીએ ચાર્જ સંભાળ્યો તે સાથે જ એવી જાહેરાત કરી હતી કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લેવાતી તમામ પરીક્ષાઓના સીસીટીવીની લિંક વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે કે, જેથી કોઈપણ સામાન્ય વ્યક્તિ તે સીસીટીવી જોઈ શકશે અને ત્યાર બાદ વેબસાઈટ ઉપર સીસીટીવી મુકવાનું શરૂ કરાયું હતું, પરંતુ તેમાં યુનિવર્સિટીના સત્તાધીશો કોપી કેસ ઓછા ન થતા હતા. જે મામલો ગરમાયો હતો. પરીક્ષામાં ગેરરીતીના કિસ્સાઓ વધી ગયા હતા.

દરમિયાન સીસીટીવીના આધારે પ્રાઈવેસી ભંગ થતી હોવાનુ કારણ આપી અગાઉ સીસીટીવી બંધ પણ કરવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં વિવાદ થતા ફરી વેબસાઈટ ઉપર પરીક્ષાના સીસીટીવી મૂકવાનું શરૂ કરાયું. જોકે હાલના કાર્યકારી કુલપતિ ડો. કમલ ડોડિયાએ ચાર્જ સંભાળ્યા બાદ લેવામાં આવેલી પ્રથમ પરીક્ષામાં પરીક્ષાના સીસીટીવી વેબસાઈટ ઉપર મૂકવામાં આવ્યા ન હતા અને હવેની પરીક્ષામાં પણ વેબસાઈટ ઉપર સીસીટીવી મૂકવામાં નહીં આવે અને તેના માટે નવા સર્વરનું બહાનું આગળ હાથ ધરવામાં આવ્યું છે. એટલે કે, આ રીતે કોઈપણ વિવાદ ન થાય તો હવે આગામી તમામ પરીક્ષાઓના સીસીટીવી વેબસાઈટ ઉપર મૂકવામાં ન આવે તેવું પણ બને.

# કેન્દ્ર સરકાર એરપોર્ટ પરના મુસાફરો માટે લાવી નવી યોજના

## ■ એરપોર્ટ પર અપાતી મોંઘી ખાણી-પીણીમાં ૬૦-૭૦% રાહત આપવાની જાહેરાત કરી

નવી દિલ્હી,તા.૧૨ કેન્દ્ર સરકારે એરપોર્ટ પરના મુસાફરોને અપાતી મોંઘી ખાણી- પીણીમાં હર-ળર% રાહત આપવાની જાહેરાત કરી છે. આ માટે ભારતીય એરપોર્ટ ઓથોરિટી એ એક મહત્ત્વની યોજના પર કામ કરી રહી છે. આ મુજબ તમામ એરપોર્ટ પર એક અલગથી સસ્તી ખાણી-પીણીનું ઝોન બનાવવામાં આવશે. આ ઝોન પરથી મુસાફરો સસ્તામાં સામાન ખરીદી શકશે. એએઆઈના અધિકારીઓએ કહ્યું કે, 'આ આઉટલેટ્સ લગભગ ૬૦-૭૦ ટકા સસ્તા ભાવે ખાણી-પીણીનો સામાન મળશે. હાલના સમયમાં એરપોર્ટ પર એક ચાનો કિંમત લગભગ




૧૨૫-૨૦૦ રૂપિયા છે. જોકે સસ્તા ઝોનમાં ચા ૫૦-૬૦ રૂપિયામાં વચ્ચે મળશે. આ સાથે અધિકારીઓએ એવું પણ કહ્યું છે કે, 'ખાણી-પીણી સસ્તા કરવાની સાથે મુસાફરોની સુવિધામાં પણ ઘટાડો થશે. મોંઘી રેસ્ટોરન્ટ જેમ સર્વિસ અને કોન્ટીટીમાં અંતર હશે. એટલે કે બેસીને ખાણી-પીણીની મોજ માણવાના બદલે સ્ટેન્ડિંગ ટેબલ હશે. નાના કપ અથવા ગ્લાસમાં ચા આપવામાં આવશે. ફુલ ભોજનને બદલે કોમ્પેક્ટ ભોજન અપાશે. આ ઉપરાંત પેકિંગની બેઝિક ક્વોલિટીમાં સામાન અપાશે. સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને કોચ્ચી એરપોર્ટ પરના સ્થાનિક ફ્લાઈટના ડિપાર્ચર એરિયામાં ઝોન બનાવાશે. અહીં સસ્તા ભાવના ખાણી-પીણીના ૬-૮ આઉટલેટ શરૂ કરાશે.

એરપોર્ટ પર મોંઘાભાવે સામાન વેચાતો હોવાની અનેક ફરિયાદો આવી હતી. ત્યારબાદ આ સમસ્યાનો નિવડે લાવવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડૂએ છેલ્લા બે મહિનામાં ત્રણ બેઠકો કરી હતી. જેમાં ભારતીય એરપોર્ટ ઓથોરિટી, એરપોર્ટનું સંચાલન કરતી કંપનીઓ તેમજ એરપોર્ટ પર ખાણી-પીણીન આઉટલેટ ચલાવતી કંપનીઓન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ નિર્ણય કરાયો છે કે, જે એરપોર્ટનું બાંધકામ ચાલી રહ્યું છે, ત્યાં સ્થાનિક વિમાનના સંચાલનવાળા ભાગમાં એક ઝોન બનાવાશે અને તેને 'ઈન્ટરીઝ' અથવા 'લાઈટ પે એરિયા' તરીકે ફરજિયાતપણે વિકસાવાશે.

# ભારતીય રેલવેનો મોટો નિર્ણય સ્પેશિયલ ટ્રેનોમાં ૧૨,૦૦૦ જનરલ કોચ ઉમેરાશે

નવી દિલ્હી, તા.૧૨ ભારતીય રેલ્વે, દેશભરના લાખો લોકો માટે મુસાફરીનું પ્રાથમિક માધ્યમ છે, ખાસ કરીને તહેવારો અને શિયાળા જેવી પીક સીઝનમાં મુસાફરોને સમાવવામાં નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે. ટ્રેન મુસાફરીની વધતી માંગ સાથે, સરકારે પ્રવાસીઓ પરનો બોજ ઓછો કરવા માટે સ્પેશિયલ ટ્રેનોમાં ૧૨,૦૦૦ જનરલ કોચ ઉમેરવાની જાહેરાત કરી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે સંસદમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, ભારતીય રેલ્વે આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના પરિવારો માટે વધુ સારી સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ વર્ષે, રેલ્વેએ અંદાજે ૧૨,૦૦૦ સામાન્ય કોચ દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

આ પહેલ મુખ્યત્વે સામાન્ય કોચમાં મુસાફરી કરતા મુસાફરોને ધ્યાનમાં રાખીને




કરવામાં આવી છે, એક કેટેગરી જ્યાં ટિકિટ સુરક્ષિત કરવી એક મોટો પડકાર બની શકે છે. આ ઉપરાંત, મુસાફરોની સુવિધામાં વધુ સુધારો કરવા માટે આ વર્ષે ૯૦૦ વધારાના જનરલ કોચ ઉમેરવામાં આવ્યા છે. સરકારે એમ પણ જણાવ્યું હતું કે વેઇટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી સહિત તમામ સ્ત્રોતોમાંથી થતી આવકનો ઉપયોગ ઓપરેશનલ અને મેઇન્ટેનન્સ ખર્ચને આવરી લેવા માટે થાય છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં વેઇટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી અંગેના પ્રશ્નોને સંબોધતા સ્પષ્ટતા કરી કે, રેલ્વે પેસેન્જર (ટિકિટ કેન્સલેશન અને રિફંડ) રૂલ્સ ૨૦૧૫ હેઠળ, ઈંછ્છિઝઈ વેબસાઈટ દ્વારા રદ કરાયેલ તમામ વેઇટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી લાગુ થાય છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઈકરા ચૌધરીએ સીટની અનુપલબ્ધતાને કારણે રદ કરાયેલ વેઇટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ચાર્જ અંગે ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં, વૈષ્ણવે સમજાવ્યું કે એડવાન્સ રિઝર્વેશન સમયગાળા દરમિયાન, જ્યારે "Confirm/ RAC ટિકિટ રદ કરવામાં આવે છે, ત્યારે ઠ્ઠશહિંશત ટિકિટ જારી કરવામાં આવે છે.

ખાલી બેઠક. વધુમાં, વેઇટલિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરો અપડેટેડ સ્કીમ હેઠળ અપગ્રેડ અથવા વૈકલ્પિક ટ્રેનમાં ટ્રાન્સફર કરી શકે છે. કેન્સલેશન ફીમાંથી થતી આવક અંગેના પ્રશ્ન અંગે વૈષ્ણવે જણાવ્યું હતું કે ટિકિટ કેન્સલેશનથી થતી આવકને અલગથી ટ્રેક કરવામાં આવતી નથી.

# કોર્પોરેશનના આવાસ ક્વાર્ટર અને અવાવરૂ જગ્યા પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી શકમંદોને તપાસવામાં આવ્યા

## માલવીયાનગર, બી-ડીવીઝન પ્ર.નગર, યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમોએ દરોડા પાડ્યા દારૂની ૧૮ રેઈડ અને ૨૩ શકમંદોની પૂછતાછ

રાજકોટ, તા.૧૩ઃ થર્ટી ફર્સ્ટ નજીક આવતા જ પોલીસ સક્રિય બની છે અને કોઈપણ ભોગે શહેરમાં દારૂની રેલમછેલ ન થાય તે માટે દરોડા પાડી રહી છે. ત્યારે ક્રાઈમ બ્રાંચની ટીમે કોર્પોરેશન આવાસ ક્વાર્ટર અને અવાવરૂ જગ્યા પર દરોડા પાડી દારૂની રેઈડ તેમજ શકમંદોને પકડીને સઘન પૂછતાછ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, એલસીબી ઝોન-૧ પીએસઆઈ બોરીસાગર, એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ. ઝાલા સહિતનો અલગ અલગ પોલીસ મથકની ટીમોએ માલવીયાનગર, બી-ડીવીઝન, પ્રનગર, યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં આવેલ આરએમસી આવાસ ક્વાર્ટર તેમજ અવાવરુ જગ્યાએ અસામાજીક તત્વોનું દુષણ સામે આવ્યું હોય તેથી ગઈરાત્રે અગિયારેક વાગ્યાની આસપાસ અલગ-અલગ ટીમોએ એક સાથે દરોડા પાડી અલગ અલગ જગ્યાએથી કુલ દારૂની ૧૮ નીલ રેઈડ પાડેલ હતી તેમજ ૨૩ શકમંદોને અટકમાં લઈ તપાસવામાં આવ્યા હતા.



---

# રાજકોટ ગ્રામ્યના ૩૪મા એસપી તરીકે ચાર્જ સાંભળતા હિમકર સિંઘ બેન્ડની સુરાવલી સાથે સ્વાગત

રાજકોટ, તા.૧૩ઃ રાજકોટ ગ્રામ્યના ૩૪મા એસપી તરીકે આઈપીએસ હિમકર સિંઘે ચાર્જ સાંભળ્યો છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા પોલીસ બેન્ડની સુરાવલી સાથે તેઓને સ્લામી આપી સ્વાગત કરાયું હતું.

આ તકે ડીવાયએસપી એસ.એસ. રઘુવંશી, ડીવાયએસપી કે.જી. ઝાલા, ડીવાયએસપી આર. એસ. ડોડીયા, પ્રોબેશન ડીવાયએસપી આસ્થા રાણા, એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, એસઓજી પીઆઈ એફ.એ. પારગી, એલસીબી પીએસઆઇ એચ.સી. ગોહિલ, એસઓજી પીએસઆઇ બી.સી. મિયાત્રા વગેરેએ પુષ્પગુચ્છ આપી એસપીનું સ્વાગત અભિવાદન કર્યું હતું.

મૂળ ઉત્તરપ્રદેશના વતની હિમકર સિંઘે બીએસસીનો અભ્યાસ કર્યો છે. તેઓએ નર્મદા એસપી, અમદાવાદ ઝોન ૨ ડીસીપી, કચ્છ ખાતે અને અમરેલી એસપી ઉપરાંત એટીએસમાં પણ મહત્વની કામગીરી કરી છે.

આઈપીએસ હિમકર સિંઘે ગઈકાલે અમરેલીનો ચાર્જ છોડ્યો હતો અને ગત રાત્રે આઈજીપી જયપાલસિંહે રાજકોટ ગ્રામ્ય એસપીનો ચાર્જ છોડ્યો હતો. હિમકર સિંઘે રાજકોટ ગ્રામ્યનો ચાર્જ સાંભળતા જ પોલીસ કમિશનર



અને રેન્જ આઈજીને મળ્યા હતા. આવતીકાલે મુખ્યમંત્રીની મુલાકાત હોય, કાર્યક્રમોની હારમાળા વચ્ચે હિમકર સિંઘ ચાર્જ સાંભળતાની સાથે જ સુરક્ષા બંદોબસ્ત માટે કામગીરી કાર્યરત થઈ ગયા.વર્ષ ૨૦૧૩ની બેચના આઈપીએસ હિમકર સિંઘ પોલીસ ડીસીપ્લીન માટે જાણીતા છે.

પોલીસ કર્મચારીઓને દરરોજ થાણા અધિકારી પોલીસ સ્ટેશનમાં નાઈટ ડ્યુટી અલગ અલગ વિસ્તારમાં આપતા હોય છે. જેમાં કેટલીક વખત પોલીસ કર્મચારીઓ હાજરી પુરાવી ગેરહાજર રહેતા હોય છે, જેથી અમરેલી જિલ્લામાં પોતાના એસપી તરીકેના કાર્યકાળમાં હિમકર સિંઘ રાત્રીના રૂબરૂ ચેકીંગમાં નીકળતા હતા.

ખાખીની ફરજ શુ છે અને ખાખી ફરજ બજાવે છે કે કેમ? અડધી રાતે પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગ કરે છે કે કેમ? પોલીસ સ્ટેશનમાં કર્મચારીઓ શું કરી રહ્યા છે? તે જોવા જુદા જુદા તાલુકાના પોલીસ મથકે રાત્રી દરમિયાન એસપી સરપ્રાઈઝ વિઝિટ કરતા. પોલીસનો પ્રજા સાથે કેવો વ્યહાર છે? ફરજ દરમ્યાન કેટલી નિષ્કાળજી બેદરકારી તે જાણવા ખાનગી ગાડી લઈ પોતે નીકળતા. આમ તેઓ કડક અધિકારીની છાપ ધરાવે છે.

એસપી તરીકે ચાર્જ સાંભળતા હિમકર સિંઘનું પોલીસ અધિકારીઓ કર્મચારીઓ એ સ્વાગત કર્યું હતું.

ॐकारा

**કર્મ એજ ધર્મ** | **સનાતન એજ સત્ય** | **આત્મા એજ પરમાત્મા**




## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

### હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

**(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ**

**સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ હોય છે માટે સારા સમયમાં અભિમાન અને ખરાબ સમયમાં ચિંતા ના કરો બંને જરૂર બદલાશે.**

**સમયની કિંમત કરીએ કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper

ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...








RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઇઝરાયલ જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા ઇચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English Language With
Money Back
Guarantee..
FREE TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઇલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ ટૂંક સમયમાં શરૂ.
SCAN TO ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઇન રોડ, રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥



॥ શ્રી ગાયત્રી માતાજી ॥


# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●

**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગઢેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

ફ્રી એડવાઈઝરી


EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

Design by:- With Me Digital : 9537300305



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062